For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

(તસવીર : સતીષ જાદવ)

ગેસ સંકટ : દાનાપુર અને તાપ્તીગંગામાં વતન જવા ભીડ

ચારથી પાંચ ગણા વધારે ભાવ ચૂકવવા છતાં રાંધણ ગેસ મળવો મુશ્કેલ બન્યો

સુરતઃ મિડલ ઇસ્ટમાં વધતા યુધ્ધાનાં તણાવથી રાંધણ ગેસનો પુરવઠો પ્રભાવિત થયો છે,તેને કારણે હવે સુરતમાં વસતા પર પ્રાંતિય શ્રમિકોની હાલત રોજ બરોજનાં ગેસ વપરાશને લઈને કટોકટી ભરી બની ગઈ છે.અનિશ્ચિત કાળ શુધી ચાલનારા યુધ્ધનાં એંધાણ વચ્ચે ગેસની બોટલો કાળા બજારમાં ચારથી પાચ ઘણા ભાવે વેચાઈ રહી છે જે શ્રમિકોને કોઈ કાળે પરવડે તેવુ ન હોવાથી હવે તેમની ધીરજનાં બાણ ખુટી જતાં વતનની વાટ પકડી રહ્યાં છે.

15 દિવસોથી મિડલ ઇસ્ટમાં યુધ્ધની વધી રહેલી તણાવ ભરી

...અનુસંધાન પાના 5 પર

5 કિલોનો રાંધણ ગેસ પણ નથી મળી રહ્યો

કડોદરા જીઆઈડીસીમાં લુમ્સ ખાતામાં કામ કરતા કામદાર ગોલુ કુમાર જણાવે છે કે,અમે 5 કિલોનાં છુટક રાંધણ ગેસથી કામ ચલાવી લઈએ છે પરંતુ છેલ્લા 15 દિવસોથી તે પણ મળવાનો બંધ થઈ ગયો છે.હાલ તો જુગાડથી પણ કોઈ કામ નથી ચાલી રહ્યું, મારી સાથે રૂમમાં રહેતા બે પાર્ટનરો ગત બુધવારે જ સામાન બાંધી પોત પોતાનાં વતન જતા રહ્યાં છે, હવે હુ પણ આજે વતન પ્રયાગરાજ જઈ રહ્યો છુ. અહી હાલત કટોકટી ભરી બની ગઈ છે.

પરિસ્થિતિ સંપૂર્ણ સુધરે પછી પરત આવીશુ: સચિન કુમાર

કતારગામ જીઆઈડીસી ખાતે લુમ્સ ખાતામાં કામ કરતા સચિન કુમારે જ્યાં શુધી પરિસ્થિતિ સંપુર્ણ થાળે નહિ પળે ત્યાં સુધી વતવ ઈટારસી જઈ રહ્યો છુ. હાલ બે ટંકનાં ભોજન માટે પણ અગવડ પડી રહી છે.રાંધણ ગેસની અછત પડવાથી

...અનુસંધાન પાના 5 પર

ટિફિન સપ્લાય બંધ: સૌરભ યાદવ

રાંધણ ગેસની અછત વર્તાતા અમારી ફેક્ટરીમાં કામ કરી રહેલાં કામદારોનાં ટિફિન સપ્લાઈ બંધ થઈ ગયા છે તેવુ લસકાઆણા ખાતે કામ કરતા શ્રમિક સૌરભ યાદવે જણાવ્યું હતુ.વતનમાં ફોન ઉપર પરિવાર સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતુ કે ઘરે આવી જાવ.

...અનુસંધાન પાના 5 પર

ગેસ સિલિન્ડરની અછત વચ્ચે સુરતમાં PNG કનેક્શન ઝડપથી આપવા તંત્ર સક્રિય

મુખ્યમંત્રીની સૂચના બાદ કલેક્ટરની તાત્કાલિક બેઠક, સોમવારે વિવિધ વિભાગો સાથે મંજૂરી પ્રક્રિયા ઝડપી બનશે

સુરતઃ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની અછત અને વધતા ખર્ચને કારણે શહેરના હોટલ-રેસ્ટોરન્ટ તેમજ નાના ખાણી-પીણીના વ્યવસાયકારો મુશ્કેલીમાં મુકાયા છે. આવી પરિસ્થિતિ વચ્ચે પાઇપલાઇન નેચરલ ગેસ (PNG) કનેક્શન ઝડપથી આપવા માટે સુરત જિલ્લા તંત્ર સક્રિય બન્યું

...અનુસંધાન પાના 5 પર

સોમવારે અનેક વિભાગો સાથે સંકલન બેઠક

આ પ્રક્રિયાને વધુ ઝડપથી આગળ વધારવા માટે સોમવારે વધુ એક મહત્વપૂર્ણ બેઠક યોજવાની તૈયારી કરવામાં આવી છે. આ બેઠકમાં પાલિકા, સુડા, રેલવે સહિત પાઇપલાઇન નાખવાની મંજૂરી સાથે સંકળાયેલા તમામ વિભાગોને બોલાવવામાં આવ્યા છે. આ બેઠકમાં પાઇપલાઇન માટે જરૂરી મંજૂરીઓ ઝડપથી આપવામાં આવે અને નેટવર્કના વિસ્તરણમાં આવતી અડચણો દૂર થાય તે અંગે ચર્ચા કરવામાં આવશે.

ગાંધીનગરની ટીમે ૫૦થી વધુ એજન્સીમાં તપાસ કરી

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા થોડા સમયથી રાંધણ ગેસના કાળાબાજર અને ઘરગથ્થુ સિલિન્ડરોના વ્યાવસાયિક ઉપયોગ અંગે ઉઠેલી ફરિયાદોને પગલે રાજ્યના ગાંધીનગર સ્થિત પુરવઠા વિભાગે તાત્કાલિક પગલા લીધા હતા. ફરિયાદોની ગંભીરતા ધ્યાનમાં રાખીને પુરવઠા વિભાગની વિશેષ તપાસ ટીમ સુરત ખાતે પહોંચી હતી અને શહેરની વિવિધ ગેસ એજન્સીઓમાં અચાનક ચકાસણી હાથ ધરી હતી. તપાસ ટીમ દ્વારા સુરત શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં આવેલી ૫૦થી વધુ એલપિજી ગેસ એજન્સીઓમાં અચાનક તપાસ કરવામાં આવી હતી. અધિકારીઓએ એજન્સીઓમાં ઉપલબ્ધ ગેસ સિલિન્ડરોનો સ્ટોક, ગ્રાહકોના બુકિંગ રેકોર્ડ, વિતરણની નોંધપોથી તેમજ

...અનુસંધાન પાના 5 પર

કોલસાનું વેચાણ 10 ટકા વધી ગયું

સુરતઃ મિડલ ઈસ્ટમાં ચાલી રહેલી યુધ્ધ જન્ય પરિસ્થિતિમાં હવે લાકડીયો કોલસાને વિકલ્પ તરીકે લોકો જોઈ રહ્યાં છે.રાંધણ ગેસની આપુર્તિમાં જ્યાં સુધી કોઈ હલ ન આવે ત્યાં ખાસ કરીને રોજ બરોજ કમાઈને ખાનારા લોકો તથા શ્રમિકો હાલ કોલસાની ખરીદી તરફ વળ્યા છે. રૂટીન ખરીદી કરતા છેલ્લા બેથી ત્રણ દિવસોમાં આ કોલસાનો 10 ટકા ઉપાડ વધી ગયો હોવાનુ સુરતનાં રિટેઈલ વેપાર સાથે સંકળાયેલાં વિનોદભાઇ જાદવે જણાવ્યું હતું.

નાબૂદ થઈ ગયેલા કુષ્ટરોગનો કેસ ભટારમાંથી મળતા દોડધામ

સિવિલમાં લેપ્રસી ડિટેક્ટ થતાં દર્દી ભાગી ગયો

જીવકોરનગરમાં ચાલતા આશ્રય સ્થાન સામે સોસાયટીનો વિરોધ

સુરતઃ સુરતના ભટાર રોડ પર આવેલી જીવકોર નગર સોસાયટીમાં કેન્સરના દર્દીઓ માટે ચાલતા એક આશ્રય સ્થાનમાં રહેતા મહારાષ્ટ્રના નંદુરબારના વતનીને સિવિલ હોસ્પિટલમાં તપાસ દરમિયાન લેપ્રસી (કુષ્ઠરોગ) ડિટેક્ટ થતા તંત્રમાં દોડધામ મચી ગઈ છે. સિવિલ હોસ્પિટલ દ્વારા વધુ ડોક્યુમેન્ટની માંગણી કરાતા આ દર્દી હોસ્પિટલમાંથી પોતાના વતન રવાના થયો હતો, પરંતુ તે 'ભાગી ગયો' હોવાના મેસેજ વાયરલ થતા જ રહીશોમાં ભય ફેલાયો હતો. સરકારી પ્રોટોકોલ મુજબ દર્દીના રહેઠાણની આસપાસ સર્વે કરવો ફરજિયાત હોવાથી શનિવારે મનપાની આરોગ્ય વિભાગની ટીમે જીવકોર સોસાયટીમાં ઘરે-ઘરે જઈ તપાસ અને જાગૃતિ અભિયાન હાથ ધર્યું હતું. આ સર્વેને

...અનુસંધાન પાના 5 પર

લેપ્રસીના દર્દીથી ડરવાની જરૂર નથી: ડો.ફેનીલ(મેડિકલ ઓફિસર)

મનપાના મેડીકલ ઓફિસર ડો. ફેનીલ પટેલે જણાવ્યું હતું કે, મનપાને આ વિશે જાણ થતા જીવકોર નગર સોસાયટીમાં સર્વે કરાવાયો છે. 50 ઘરોમાં સર્વેની કામગીરી કરવામાં આવી છે. લેપ્રસીથી લોકોએ ભયભીત થવાની જરૂર નથી. તે એકબોન ડિસીઝ છે. ક્લોઝ કોન્ટેક્ટમાં આવેલાને તપાસવામાં આવે છે. આ રોગ ચેપી નથી. જો વ્યક્તિમાં રોગપ્રતિકારક શક્તિ ખુબ જ ઓછી થઈ જાય તે લેપ્રસીના દર્દી તરીકે ઓળખાય છે.

માર્ચમાં માવઠાની ચેતવણી

18-19 માર્ચે દક્ષિણ ગુજરાત સહિત 16 જિલ્લામાં વરસાદની શક્યતા

પશ્ચિમી વિક્ષેપના કારણે હવામાનમાં ફેરફારની આગાહી, ખેડૂતોમાં ચિંતા

સુરતઃ સુરત શહેર સહિત સમગ્ર ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ઉનાળાની તીવ્ર ગરમીનો પ્રભાવ જોવા મળી રહ્યો છે. ગરમીથી લોકો અકળાઈ ગયા છે ત્યારે હવે હવામાન વિભાગે રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી માવઠાની આગાહી કરી છે. 18 અને 19 માર્ચ દરમિયાન ગુજરાતના અંદાજે 16 જિલ્લામાં હળવા વરસાદ અને ગાજવીજની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

સુરત શહેરમાં શનિવારે મહત્તમ તાપમાનમાં થોડો ઘટાડો નોંધાયો હતો. મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી ઘટીને 37.8 ડિગ્રી સેલ્સિયસ સુધી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 22.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં આશરે 19 ટકા ભેજ સાથે મંદ પવન ફૂંકાતા લોકોને ગરમીમાં થોડી રાહત અનુભવાઈ હતી. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ અચાનક હવામાન પરિવર્તન પાછળનું મુખ્ય કારણ પશ્ચિમી વિક્ષેપ છે. તેના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં આકાશ વાદળછાયું રહેવાની સાથે ગાજવીજ અને હળવા વરસાદની સ્થિતિ સર્જાઈ શકે છે. ખાસ કરીને 19 માર્ચના રોજ દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં માવઠાની અસર જોવા મળી શકે છે. છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત અને તાપી સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવો વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ માવઠાની આગાહી ખેડૂતો માટે ચિંતાજનક બની

...અનુસંધાન પાના 5 પર

સચિન વિસ્તારમાં LPGના અઢી કિલોના બાટલાના કાળાબજાર અટકાવવા રાવ

નાના LPG સિલિન્ડરના કાળાબજાર નહીં અટકે તો કામદારોને રોકવા મુશ્કેલ બનશે : સચિન ઇન્ડ. સોસાયટી

કામદારો પાસેથી પ્રતિ કિલો રૂ. 500-700 વસૂલાત અટકાવવા પુરવઠા વિભાગ અને પોલીસ કાર્યવાહી કરે

સુરત : સચિન જીઆઈડીસી તથા આસપાસના વિસ્તારમાં યુદ્ધની પરિસ્થિતિના બહાને ગેસના રિફિલિંગ કરી દુકાનદારો ઉઘાડી લૂંટ ચલાવી રહ્યાં છે. નાના LPG સિલિન્ડરના કાળાબજાર નહીં અટકે તો કામદારોને રોકવા મુશ્કેલ બનશે. એવી રજૂઆત સચિન ઇન્ડસ્ટ્રીયલ કો.ઓપ.સોસાયટીના પ્રમુખ કિશોર પટેલ અને સેક્રેટરી મયુર ગોળવાલાએ કલેક્ટર અને સચિન જીઆઈડીસી પી.આઈ. ને મોકલેલા આવેદનપત્રમાં કરી છે. કલેક્ટર અને સ્થાનિક પોલીસને દરોડા અને કડક કાર્યવાહી કરવાની માંગ

...અનુસંધાન પાના 5 પર

ઉદ્યોગો પર પણ ગંભીર અસર પડી શકે

રજુઆતમાં વધુમાં જણાવાયું છે કે, આવી પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલે તો કામદારોમાં અસંતોષ ફેલાઈ શકે છે અને જેમ તેમ સમજાવી જે કામદારોને રોકી રાખ્યા છે. તેઓ કામ છોડી વતન તરફ પાછા ફરવાની સ્થિતિ સર્જાઈ શકે છે. જેના કારણે સચિન જીઆઈડીસીના ઉદ્યોગો પર પણ ગંભીર અસર પડી શકે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ કાળાબજારી કરતા દુકાનદારો સામે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા તાત્કાલિક દરોડા પાડવા તેમજ પોલીસ

...અનુસંધાન પાના 5 પર

20 સંસ્થાને કોમર્શિયલ સિલિન્ડર ઉપયોગની મંજૂરી

સુરતઃ વિશ્વસ્તરે સર્જાયેલી અસ્થિર પરિસ્થિતિ અને ગ્લોબલ સ્તરે ચાલી રહેલા સંઘર્ષના પડઘા હવે સ્થાનિક સ્તરે પણ દેખાવાની શક્યતા વચ્ચે સુરત જિલ્લા તંત્ર સજ્જ બન્યું છે. શહેરમાં રાંધણ ગેસના પુરવઠા પર અસર થવાની શક્યતા સામે આવતાં તંત્રે આગોતરા પગલાં લેતા શૈક્ષણિક

...અનુસંધાન પાના 5 પર

તંત્ર દ્વારા ગેસ પુરવઠાની સ્થિતિ પર સતત નજર

તંત્રનું માનવું છે કે પીએનજી કનેક્શન ઝડપથી શરૂ થશે તો ગેસ સિલિન્ડર પરનો ભાર ઓછો થશે અને નાગરિકોને સરળતાથી ગેસ ઉપલબ્ધ થઈ શકશે. જિલ્લા તંત્ર દ્વારા ગેસ પુરવઠાની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. સાથે જ નાગરિકોને અનાવશ્યક રીતે ગેસ સિલિન્ડરનો સંગ્રહ

...અનુસંધાન પાના 5 પર

SVNITનું સંશોધન વૈશ્વિક AI આધારિત પૂર આગાહી સાથે સંકળાયું

2020માં વિકસાવાયેલા હાઇબ્રિડ AI મોડેલ આજે વૈશ્વિક સિસ્ટમો સાથે વિચારધારાત્મક રીતે સમાન

સુરતઃ સુરત સ્થિત SVNITના સિવિલ એન્જિનિયરિંગ વિભાગમાં વર્ષ 2020માં કરવામાં આવેલા સંશોધન હવે વૈશ્વિક સ્તરે વિકસતી AI આધારિત પૂર આગાહી પ્રણાલીઓ સાથે વિચારધારાત્મક રીતે જોડાયું હોવાનું સામે આવ્યું છે.

...અનુસંધાન પાના 5 પર

GIS અને રિમોટ સેન્સિંગ ડેટાનો પણ સમાવેશ

આ અભ્યાસમાં GIS, GPS અને રિમોટ સેન્સિંગ જેવા જિઓસ્પેશિયલ ડેટાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ડેટા દ્વારા વરસાદ, ભૂપ્રકૃતિ અને હાઇડ્રોલોજીકલ પરિબળો વચ્ચેના સંબંધોને વધુ સારી રીતે સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સંશોધનનો મુખ્ય ઉદ્દેશ પરંપરાગત મોડેલોની મર્યાદાઓ દૂર કરીને વધુ ચોક્કસ અને વહેલી ચેતવણી પ્રણાલી વિકસાવવાનો હતો.

ગૂગલની AI સિસ્ટમ સાથે વિચારધારાત્મક સમાનતા

તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પૂર આગાહી માટે AI આધારિત ટેક્નોલોજી ઝડપથી વિકસી રહી છે. તાજેતરના અહેવાલો મુજબ વૈશ્વિક ટેક્નોલોજી કંપની ગુગલ દ્વારા "ગ્રાઉન્ડસોર્સ"નામની AI આધારિત સિસ્ટમ વિકસાવવામાં આવી છે. આ સિસ્ટમ લગભગ 20 વર્ષના સમયગાળાના 5 મિલિયનથી વધુ સમાચાર અહેવાલોનું વિશ્લેષણ કરીને લગભગ 2.6 મિલિયન પૂર ઘટનાઓનો ડેટા તૈયાર કરે છે. ત્યારબાદ ડીપ લર્નિંગ (LSTM) મોડેલ્સ અને હવામાન

...અનુસંધાન પાના 5 પર

ભાવભીની શ્રદ્ધાંજલી

સ્વ.મોહનભાઈ બુધિયાભાઈ પટેલ
સ્વ.તા.૧૨.૦૩.૨૦૨૬

"જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે." કેટલું નહિ કેવું જીવ્યા એજ યાદ રહી જાય છે.
તમારો દેહ તો વિલીન થયો છે, પરંતુ આત્મા વિલીન થયો નથી.
અમારા હૃદયમાંથી આપની સ્મૃતિ કદી વિસરાશે નહી.
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ. ભીખુભાઈ ગોવિંદભાઈ સાતડીયા, હરીશભાઈ ગોવિંદભાઈ સાતડીયા, મિલનભાઈ ભીખુભાઈ સાતડીયા, જૈમીનભાઈ બળવંતભાઈ પટેલ(ભીમરાડ), નેહાબેન જૈમીનભાઈ પટેલ
ધર્મિષ્ઠાબેન ભીખુભાઈ સાતડીયા, દીપમાલાબેન હરીશભાઈ સાતડીયા, મેઘા હરીશભાઈ સાતડીયા, પાર્થીવ હરીશભાઈ સાતડીયા તથા સાતડીયા પરિવાર (આભવા)

કાજલ વોચ સેન્ટર ભટાર | અશોક ટાઈમ કોર્નર ભેસ્તાન | સોનમ માર્કેટીંગ ભાગળ

વ્હાલા પપ્પાને
પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. ઈશ્વરલાલ ગિરધરલાલ પટેલ
(સ્વ.તા. ૧૫/૦૩/૨૦૨૧)
Miss You Papa
લિ. ગં.સ્વ. સવિતાબેન ઈશ્વરલાલ પટેલ
મુકેશભાઈ ઈશ્વરલાલ પટેલ | કમલેશભાઈ ઈશ્વરલાલ પટેલ
પ્રકાશભાઈ ઈશ્વરલાલ પટેલ | ભારતીબેન મહેન્દ્રકુમાર પટેલ (મુંબઈ)
સમસ્ત પરિવાર સગરામપુરા, સુરત

પ્રાર્થનાસભા
સ્વ. દમયંતીબેન કમળકાંત શાહ
સ્વ.તા. ૧૪/૦૩/૨૦૨૬
(ઉંમર ૯૮ વર્ષ)
અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે,
અમારા માતૃશ્રી પૂજ્ય શ્રીમતી દમયંતીબેન કમળકાંત શાહ
(ઉંમર ૯૮ વર્ષ) નું તા.૧૪/૦૩/૨૦૨૬, શનિવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.
:: પ્રાર્થનાસભા (બેસણું) ::
તારીખ : ૧૫/૦૩/૨૦૨૬, રવિવાર
સમય : સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦
સ્થળ : મહાવિદેહધામ, વેસુ, સુરત
:: શોકાતુર ::
પ્રદિપભાઈ કમળકાંત શાહ | લીનાબેન પ્રદીપભાઈ શાહ
નીતિનભાઈ કમળકાંત શાહ | પુનિતાબેન નીતિનભાઈ શાહ
વત્સલ – નિયતિ શાહ
કોન્ટેક્ટ નં. ૯૮૨૪૧ ૨૧૫૫૧, ૯૭૧૪૧ ૦૭૭૮૮

"મિત્ર એ મિત્ર"
નિયતિએ અમારા આત્મીય મિત્રને
એમના ચરણોમાં શરણ આપી છે.

સ્વ. હેતલકુમાર પ્રભુદાસ પ્રજાપતિ
(એડવોકેટ) - (૧૯૭૯-૨૦૨૬)
રાજેશ પટેલ - રાજુ દેવધરા - અજય પ્રેસવાલા - ગૌરાંગ નાયક, ધર્મેન્દ્ર બ્રહ્મભટ્ટ - જશવંત પટેલ - વિરેન્દ્ર બ્રહ્મભટ્ટ - દેવાંગ ઘાસવાલા, કૌશીક દેસાઈ - હિતેશ રાણા - જીતેન્દ્ર મરચંટ - કમલેશ સોલંકી, ઝીયાઉદ્દીન શેખ -મનોજ શિંદે -અશોક પટેલ -ગીરીશ પ્રધાન, ઈફતેખાર ખાન -ભુપેશ ઠાકોર - જીગર મોદી -પરાગ બારોટ, ભરત દેસાઈ (ગુલુ) - હેમંત દેસાઈ - વિજય પટેલ - પ્રથમ દેસાઈ.

અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

દુઃખદ અવસાન – બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે મારા પિતાશ્રી / ભાઈશ્રી
હસમુખભાઈ હિરાભાઈ પટેલ નું તા. ૧૩.૦૩.૨૦૨૬ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્ગતનું બેસણું તા. ૧૬/૦૩/૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૧૦ થી ૧ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.
પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતની આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ. શ્રી મનોજ હસમુખભાઈ પટેલ
સ્વ. ભાણાભાઈ હિરાભાઈ પટેલ | શ્રી ઈશ્વરભાઈ ભાણાભાઈ પટેલ
સ્વ. ઝીણાભાઈ હિરાભાઈ પટેલ | શ્રી પ્રકાશભાઈ ઝીણાભાઈ પટેલ
શ્રી નગીનભાઈ હિરાભાઈ પટેલ | શ્રી કીરીટભાઈ નગીનભાઈ પટેલ
શ્રી ધીરજભાઈ મકનભાઈ પટેલ | શ્રી ભુપેન્દ્રભાઈ ધીરજભાઈ પટેલ
શ્રી યોગેશભાઈ નરસિંહભાઈ પટેલ
સ્વ. હીરાભાઈ રામજીભાઈ પટેલના સમસ્ત પરિવાર
સ્વ. હસમુખભાઈ હિરાભાઈ પટેલ
જન્મ. તા. ૦૧.૦૬.૧૯૫૦
સ્વ. તા. ૧૩.૦૩.૨૦૨૬
નિવાસસ્થાન : નવી વસાહટ-૨, બમરોલી ગામ, મહાદેવ મંદિર પાસે, સુરત.

બેસણું

દિલગીરી સહ જણાવવાનું કે અમારા જમાઈશ્રી મોહનભાઈ બુધિયાભાઈ પટેલ નું દુઃખદ અવસાન તા. ૧૨/૦૩/૨૦૨૬ ને ગુરૂવાર ના રોજ થયેલ છે પ્રભુ સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના
સદ્ગતનું બેસણું તા.૧૬/૦૩/૨૦૨૬ ને સોમવાર ના રોજ સમય ૧૦:૦૦ થી ૧:૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.
લાયાફળીયા આભવા, સુરત.
લિ. સ્વ. કેશાભાઈ સુખાભાઈ પટેલ
સ્વ. ઈશ્વરભાઈ કેશાભાઈ પટેલ
સ્વ. લક્ષ્મણભાઈ કેશાભાઈ પટેલ
સ્વ. નગીનભાઈ કેશાભાઈ પટેલ
શ્રી પ્રવિણભાઈ કેશાભાઈ પટેલ
શ્રી ઠાકોરભાઈ કેશાભાઈ પટેલ
તથાસામસ્ત પરિવાર
સ્વ. મોહનભાઈ બુધિયાભાઈ પટેલ
સ્વ.તા.૧૨.૦૩.૨૦૨૬

દુઃખદ અવસાન બેસણું

દિલગીરી સહ જણાવવાનું કે મારા પતિશ્રી
સ્વ. રવજીભાઈ પરભુભાઈ પટેલનું તા: ૧૩-૦૩-૨૦૨૬
શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું સોમવારે તા. ૧૬-૦૩-૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ થી ૦૧:૦૦ દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ સંદતરા બંધ છે, ફુલ, હાર, બિસ્કીત, પોત-પ્રથા સંદતર બંધ છે.
લિ. ગં.સ્વ.રમણબેન રવજીભાઈ પટેલ(પત્ની)
બિજેશભાઈ રવજીભાઈ પટેલ | સ્વ. છનિયાભાઈ પરભુભાઈ પટેલ
ડિમ્પલબેન બિજેશભાઈ પટેલ | સ્વ.રમેશભાઈ છનિયાભાઈ પટેલ
જીગ્નેશભાઈ રવજીભાઈ પટેલ | સ્વ. રતિલાલ(બાબુ) છનિયાભાઈ પટેલ
વૈશાલીબેન જીગ્નેશભાઈ પટેલ | ધનસુખભાઈ છનિયાભાઈ પટેલ
કુશ, હાર્મિ, હેત તથા સમસ્ત પરિવાર
સ્વ.રવજીભાઈ પરભુભાઈ પટેલ
જન્મ તા. ૧૧-૧૦-૧૯૪૭
સ્વ. તા. ૧૩-૦૩-૨૦૨૬
બેસણાનું સ્થળ: ખેડવાયા સ્ટ્રીટ, નવા મગદલ્લા, સુરત.

દુઃખદ અવસાન – બેસણું

દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની / અમારા માતૃશ્રી અ.સૌ. ઈન્દુબેન ધનસુખભાઈ પટેલનું તા. ૧૪/૦૩/૨૦૨૬ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના. સદ્ગતનું બેસણું તા. ૧૬/૦૩/૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૧૦ થી બપોરે ૧ કલાક દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.
નિવાસસ્થાન : કિષ્ના સ્ટ્રીટ, બાપુનગર-૨, મગદલ્લા, સુરત.
ધનસુખભાઈ ભાણાભાઈ પટેલ (પતિ)
જીગ્નેશભાઈ ધનસુખભાઈ પટેલ (પુત્ર) – પ્રિતીબેન જીગ્નેશભાઈ પટેલ (પુત્રવધુ)
મિતેશભાઈ ધનસુખભાઈ પટેલ (પુત્ર) – જેનિશાબેન મિતેશભાઈ પટેલ (પુત્રવધુ)
યોગેશભાઈ જયંતિભાઈ પટેલ (જમાઈ) – રોશનીબેન યોગેશભાઈ પટેલ (પુત્રી)
એવમકુમાર કમલેશભાઈ પટેલ (જમાઈ) – નેહલ જીગ્નેશભાઈ પટેલ (પૌત્રી)
વિશા, પંખ, ઝોયા, માહિર, શ્વેત તથા સમસ્ત પરિવાર
સ્વ. અ.સૌ. ઈન્દુબેન ધનસુખભાઈ પટેલ
સ્વ. તા. ૧૪/૦૩/૨૦૨૬

દુઃખદ અવસાન–બેસણું

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી મંજુલાબેન અર્જુનભાઈ પટેલ નું દુઃખદ અવસાન શુક્રવાર તા.૧૩/૦૩/૨૦૨૬ નાં રોજ થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતનાં આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સદ્ગતનું બેસણું:– તા. ૧૫/૦૩/૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે રાખેલ છે.
લિ.
મહેશભાઈ અર્જુનભાઈ પટેલ
અરૂણભાઈ અર્જુનભાઈ પટેલ
તથા સમસ્ત પટેલ પરિવાર
સ્વ. મંજુલાબેન અર્જુનભાઈ પટેલ
સ્વ.તા.૧૩/૦૩/૨૦૨૬
સ્થળ: ગામ: અરિયાણા, તાલુકો: ઓલપાડ, જિલ્લો: સુરત.

દુઃખદ અવસાન બેસણું

દિલગીરી સહ જણાવવાનું કે અમારા બનેવી/ફુવાશ્રી
રવજીભાઈ પરભુભાઈ પટેલનું તા: ૧૩-૦૩-૨૦૨૬
શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું સોમવારે તા. ૧૬-૦૩-૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ થી ૦૧:૦૦ દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. પ્રભુ સદ્ગતનાં આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... લૌકિક રિવાજ બંધ છે,
લિ. સ્વ. જયંતિભાઈ કેશવભાઈ પટેલ | ગં.સ્વ. હંસાબેન જયંતિભાઈ પટેલ
ઉમેશભાઈ જયંતિભાઈ પટેલ | રોશનીબેન ઉમેશભાઈ પટેલ
રોહનભાઈ જયંતિભાઈ પટેલ | પ્રિતીબેન રોહનભાઈ પટેલ
કિન્ના, માધવ, મુક્તિ, ભવ્ય તથા સમસ્ત પરિવાર
સ્વ.રવજીભાઈ પરભુભાઈ પટેલ
જન્મ તા. ૧૧-૧૦-૧૯૪૭
સ્વ. તા. ૧૩-૦૩-૨૦૨૬
બેસણાનું સ્થળ: ૨૨૭, કરિશ્મા સ્ટ્રીટ, મગદલ્લા, સુરત.